**અમદાવાદના મહેરબાન આઠમાં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી અમદાવાદ શહેરની કોર્ટમાં**

| ક્રિ.કેસ નં. | ૧૮૨૦૯૬/૨૦૨૪ |
|---|---|

**–: આંક – ૧ લગત હુકમ :–**

૧. આજરોજ કેસ રેકર્ડને ધ્યાને લેતાં,આરોપી વિરૂધ્ધ સમરી ટ્રાયલ પ્રકારનો કેસ છે. આરોપીને પ્રોસેસ ઈશ્યુ કરવા છતાં તે બજે અથવા વગર બજે પરત કરેલ નથી.

૨. ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીના પરિપત્ર અન્વયે નામદાર ચેરમેનશ્રી, લીગલ સર્વીસ કમિટિ, મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદના નોટીફીકેશન ધ્વારા સ્પેશ્યલ સીટીંગનું આયોજન કરી, કેસોનો નિકાલ કરવાનું જણાવવામાં આવેલ છે.

**કલમ :– ૨૫૮ કેટલાંક કેસમાં કાર્યવાહી બંધ કરવાની સત્તા.**

**ફરીયાદ પરથી દાખલ થયેલા હોય** તે સિવાયનાં કોઈ **સમન્સ કેસ**માં પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ અથવા ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની પૂર્વમંજુરીથી અન્ય કોઈ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેનાં કારણો નોંધીને **કોઈપણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકશે** તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય, તો નિર્દોષ ઠરાવી મુકત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે તથા આવા છૂટકારાથી બિનતહોમતે મુકત કરવામાં આવે, તેવી અસર થશે.

૩. આમ, આ કલમ વંચાણે લેતાં, સ્પષ્ટ છે કે, ફરિયાદ પરથી દાખલ થયેલાં હોય, તે સિવાયના કોઈ સમન્સ કેસમા આ અદાલતને ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેનાં કારણો નોંધીને કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ રાખવાની સત્તા આપવામાં આવેલ છે. વધુમાં જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ કાર્યવાહી બંધ રાખવામાં આવે, તો આરોપીને નિર્દોષ ઠરાવી, મુકત કરવો જોઈશે અને જો અન્ય કોઈ કિસ્સામા આરોપીને છોડી મૂકશે અને આવા છૂટકારાથી બિન–તહોમત મુકત કરવામાં આવે, એવી અસર થશે. આ કલમ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, જયારે મુખ્ય સાહેદનો પુરાવો લેવાયો ન હોય, તો આરોપીને મુકત કરવામાં આવે, ત્યારે બિન–તહોમત મુકત કરવામાં આવ્યા હોય, તેવી અસર થાય છે અને તે કારણે આરોપી સામે ભવિષ્યમા નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ ૩૦૦(૧) અને (૫) નો બાધ આવશે નહિ. વધુમાં આ કલમથી અદાલતને પ્રોસીડીંગ રીવાઈવ કરવાની પણ સત્તા આપવામાં આવેલ છે. વધુમાં "આર/સીઆર.એ/નં.૬૯૬/૨૦૨૩, તાઃ૩/૫/૨૦૨૩ના રોજ દિપેશભાઈ વાલજીભાઈ પટેલ વિરુધ્ધ સ્ટેટ" ના ચૂકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે લીગલ સર્વીસ ઓથોરીટીએ ૧૯૮૭ ની જોગવાઈ મુજબ ના.નાલ્સ તાઃ૬/૧૨/૨૦૧૪ ના નિર્દેશોથી એવો કેસો કે જે પડી રહેલ છે અને આરોપી કે સાહેદો હાજર રહેતા નથી તેવા ડેડવુડ કેસો લોક અદાલતની સ્પેશ્યલ સીટીંગમાં ડીસ્પોઝ થઈ શકે છે. સબબ હાલનો કેસ પણ જયારે વર્ષોથી ડોરમેન્ટ અવસ્થામાં પડી રહેલ છે ત્યારે બી.એન.એસ.એસ.૨૮૧ (સી.આર.પી.સી. કલમ–૨૫૮)મુજબ સદર કેસનું પ્રોસીડીંગ્સ બંધ રાખવુ જરૂરી અને વ્યાજબી જણાઈ આવે છે.

૪. આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ વર્તમાન આરોપી સામેનુ સમગ્ર ચાર્જશીટ ધ્યાને લેતાં સમરી ટ્રાયેબલ ગુનાનો આક્ષેપ છે. હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફરિયાદ કલમ–૨(ઘ) પરથી શરૂ થયેલ નથી. રેકર્ડ જોતા, આરોપીને પ્રોસેસ કરવા છતાં બજેલ કે વગર બજે પરત આવેલ નથી. એવા સંજોગોમા હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવી ન્યાયના હિતમા ઉચિત જણાતી ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી,બી.એન.એસ.એસ.કલમ–૨૮૧ (ઓલ્ડ ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ –૨૫૮) હેઠળ બંધ રાખી, આરોપીને છોડી મૂકવાનો હુકમ કરવામા આવે છે.

આ કામે મુદ્દામાલ અંગે જો કોઈ હુકમ થયેલ હોય, તો તે આથી કાયમ કરવામાં આવે છે અને જો કોઈ હુકમ ના થયેલ હોય, તો મુદામાલ પાવતી મુજબ જેની પાસેથી કબજે કરવામા આવેલ હોય, તેની ખરાઈ કર્યા બાદ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે અને તે સિવાયનાં બિન–કિંમતી મુદામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી સ્પે.સીટીંગ અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૧૪/૧૨/૨૦૨૪

(પવનકુમાર એન.નવીન)
આઠમાં એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર,યુનીક કોડ જી.જે.૦૦૭૫૮